આપેલ નથી. એટલે કે, ફરીયાદ પક્ષ તરફથી મુદ્ધામાલ રીકવર કરેલ તે બાબતના પંચ સાહેદ ને તપાસવામાં આવેલા છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામુ રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામાને પંચસાહેદે સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામુ થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીનાં સમર્થનમાં જે પંચનામું રજુ થયેલ છે, તે પંચનામું ફરીયાદ પક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ. તે આ કામે પંચનામુ પુરવાર થયેલ નથી. જે આગળ ઉપર કરેલ ચર્ચા ધ્યાને લેતાં સ્પષ્ટ બની રહેલ છે.

૭.૨ ફરીયાદપક્ષે ફરીયાદી તેઓની આંક–૧૨ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા–૨૮ /૦૧/૨૦૨૪ ના રોજ અમો તથા પી.એસ.આઈ વી.કે.રાતીયા તથા પો.કોન્સ જીતેશભાઈ વસરા નાઓ પો. સ્ટે. વિસ્તાર મા પ્રોહી ડ્રાઈવ હોય કલાક–૧૭:૦૦ વાગ્યા થી પેટ્રોલીંગમા હતા ત ેદરમ્યાન કલાક–૧૯:૦૦ વાગ્યે અમરાપર ગામે સરકારી શાળા પાસે પંહોચતા અમોને ખાનગી રાહે હકીકત મળેલ કે અમરાપર ગામે ગૌશાળા પાસે જાહેર મા ભરત ઉર્ફે રાજુ કારાભાઈ મંડેરા રહે. અમરાપર વાળો ગે.કા. પાસ પરમીટ વગર દેશી પીવાનો દારુ રાખીને વેચાણ કરતો હોય અને હાલ પ્રવૃતી ચાલુ છે. જે હકીકત મળતા સાથે ના સ્ટાફ ને જાણ કરતા સાથે ના પી.એસ.આઈ શ્રી એ તુરત જ બે રાહદારી પંચો બોલાવી પં ચો ને હકીકત ની સમજ કરી પંચોને સાથે રાખી કલાક–૧૯:૧૫ વાગ્યે રેઈડ કરતા મજકુર ઈસમ મળી આવેલ નહી જેથી પંચો ને સાથે રાખી ગૌશાળા પાસે જડતી તપાસ કરતા એક પ્લાસ્ટીક નુ બાચકુ મળી આવેલ જે પંચો રૂબરુ ખોલી જોતા તેમા કોથળીઓ નંગ–૨૩ હોય જે સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમા દેશી દારુ હોય સેમ્પલ બોટલ ભરી લઈ બાકીનો દેશી દારુ આશરે લીટર–૨૩ જે ની કી. રૂા. ૪૬૦/– ગણી પંચનામા ની વીગતે પંચો ની હાજરી મા કબ્જે કરેલ. જે અંગે પ્રોહી કલમ–૬૫ –એ.એ. મુજબની ફરીયાદ અમો એ આપેલી. તેઓને અસલ ફરીયાદ બતાવતા તેમાં

પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક–૧૩ થી રજુ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે પેટ્રોલીંગ માં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે પેટ્રોલિંગમાં જઇએ તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવાની હોય છે. એ વાત ખરી નથી કે આવો કોઇ મુદામાલ આરોપી પાસેથી મળી આવેલ ન હોવા છતાં કામગીરી બતાવવા ફરીયાદ કરેલ .

૭.૩ ફરીયાદપક્ષે ત.ક.અ તેઓની આંક–૨૦ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા–૨૮/૦૧/૨૦૨૪ ના રોજ દેવજીભાઈ બાર તથા પી.એસ.આઈ વી.કે.રાતીયા તથા પો.કોન્સ જીતેશભાઈ વસરા નાઓ પો. સ્ટે. વિસ્તાર મા પ્રોહી ડ્રાઈવ હોય કલાક–૧૭:૦૦ વાગ્યા થી પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન કલાક–૧૯:૦૦ વાગ્યે અમરાપર ગામે સરકારી શાળા પાસે પંહોચતા ખાનગી રાહે હકીકત મળેલ કે અમરાપર ગામે ગૌશાળા પાસે જાહેર મા ભરત ઉર્ફે રાજુ કારાભાઈ મંડેરા રહે. અમરાપર વાળો ગે.કા. પાસ પરમીટ વગર દેશી પીવાનો દારુ રાખીને વેચાણ કરતો હોય અને હાલ પ્રવૃતી ચાલુ છે. જે હકીકત મળતા સાથે ના સ્ટાફ ને જાણ કરતા સાથે ના પી.એસ.આઈશ્રીએ તુરત જ બે રાહદારી પંચો બોલાવી પંચો ને હકીકત ની સમજ કરી પંચોને સાથે રાખી કલાક–૧૯:૧૫ વાગ્યે રેઈડ કરતા મજકુર ઈસમ મળી આવેલ નહી જેથી પંચો ને સાથે રાખી ગૌશાળા પાસે જડતી તપાસ કરતા એક પ્લાસ્ટીક નુ બાચકુ મળી આવેલ જે પંચો રૂબરુ ખોલી જોતા તેમા કોથળીઓ નંગ–૨૩ હોય જે સુંધી સુંઘાડી ખાતરી કરતા તેમા દેશી દારુ હોય સેમ્પલ બોટલ ભરી લઈ બાકીનો દેશી દારુ આશરે લીટર–૨૩ જે ની કી. રૂા. ૪૬૦/– ગણી પંચનામા ની વીગતે પંચો ની હાજરી મા કબ્જે કરેલ. જે અંગે પ્રોહી કલમ–૬૫ –એ.એ. મુજબની ફરીયાદ સાથેના પો.કો. દેવજીભાઈ ભગવાનજીભાઈ બાર એ આપેલી. સદર ગુનો

